# ૧૦.૧ પર્વ કોને કહેવાય ? તેના નીતિ નિયમો, જૈન ધર્મના વિવિધ પર્વોનો ટુંકમાં પરિચય.

પર્વાણિ બહૂનિ સન્તિ પ્રોક્તાનિ શ્રી જિનાગમો
પર્યુષણા સમંનાન્યત કર્મણાં મર્મભંદકૃત ॥

પર્વ એટલે આરાધના ઉત્સવના દિવસો આધ્યાત્મિક તહેવાર ના પવિત્ર, વિશેષ દિવસોને જૈન ધર્મમાં પર્વ તરીકે ઓળખાવાય છે.

પર્વનો બીજો એક મૌલિક અર્થ 'ગાંઠ' તરીકે બતાવ્યો છે. સંસાર જીવનના અનેક દુ:ખોના મૂળમાં મમત્વ છે, પરિગ્રહ છે – અજ્ઞાનતા છે, તથા મિથ્યા ભ્રમણા વગેરેની ઝટ છેદાય નહિં તેવી ગાંઠો પડેલી છે. આ ગાંઠો હોય છે ત્યાં સુધી માનવીના મનમાં સ્વાર્થ ઘુંટાય છે, દુ:ખો અને પાપોના ઢગ વધે છે, પરિણામે ત્રાસદાયક સંસારનું પરિભ્રમણ ચાલુ જ રહે છે. .

તે–તે ગાંઠોને તોડનારા ધર્મારાધના સાથેના દિવસો પર્વારાધનાના બને છે. જેમ કે અજ્ઞાનતાની ગાંઠ તોડવા જ્ઞાન પાંચમ, દેહની આસક્તિ તોડવા નવપદજીની ઓળી, તથા મનના રાગદ્વેષ – ભ્રમણા તોડવા પર્વાધિરાજ પર્યુષણ વગેરેની સુંદર ગોઠવણ મહાપુરૂ ષોએ કરી છે. આપણા પરભવના આયુષ્યનો બંધ પ્રાય : પર્વતિથિઓમાં થતો હોય છે. તે – તે દિવસોમાં કરેલી થોડી કે નાની આરાધના પણ જીવને વિશેષ લાભનું કારણ બને છે. અને સદ્ગતિ મોક્ષ તરફ વિકાસ ચાલુ રહે છે. તેથી પર્વો અને આરાધનાના દિવસોમાં ખાસ આત્મપ્રવૃતિ કરવી.

## પાવનકારી પર્વના દિવસો.

### બાર તિથિ

| | | |
|---|---|---|
| બે – બીજ | કાર. સુ. ૧ નૂતન વર્ષ | ૬ અઠ્ઠાઇ (કા.ફા.આ. માસમાં સુ. ૭ થી ૧૪) |
| બે – પાંચમ | કા. સુ. ૫ જ્ઞાન પાંચમ | ચૈત્રી આસો માસની |
| બે – આઠમ | મા. સુ. ૧૧ મૌન એકાદશી | બે શાશ્વતી ઓળી અને પર્યુષણાની અઠ્ઠાઇ |
| બે – અગીયારશ | મા. વ. ૧૦ પોષ દશમી, | કાર્તિકી પૂનમ સિદ્ધાંચલજીની યાત્રા |
| બે – ચૌદશ | પો. વ. ૧૩ મેરૂ તેરસ | ચૈત્રી પૂનમ સિદ્ધાંચલજીની યાત્રા |
| બે – આઠમ | કાર. ફા. અષાઢની | પર્યુષણા મહાપર્વ : |
| બે – ચૌદશ | ૩ ચૌમાશી ચૌદશ | દિવાળી |
| એક – પૂનમ | ફા. વ. ૮ વર્ષીતપ પ્રારંભ | વૈ. સુ. ૩ અક્ષય તૃતીયા |
| એક – અમાસ | | |

પાંચ તિથિ જિનેશ્વર પ્રભુના પાંચેય

એક – સુદ પાંચમ કલ્યાણક તિથિઓ શ્રા. વ. ૧૨ થી ભા. સુદ. ૪

**પર્વારાધનાના નીતિ નિયમો :**

૧) આ પર્વોમાં ખાસ, જૂઠ ન બોલવું, હિંસા આરંભ વિગેરે કરવા – કરાવવા નહિં. કલેશ–કંકાસ ન કરવો. ગુસ્સે ન થવું, શાંકભાજી–લીલોતરી ત્યાગ, ઠંડા પીણા–હોટેલ–સચિત જલ નો ત્યાગ.

૨) શક્ય વધુ પ્રયત્ને, પૌષધવ્રત, બે ટાઇમ પ્રતિક્રમણ, સામાયિક, જાપ, સેવા, પૂજા, સાધુઓને વંદન દેવ વંદન, ખમાસમણા, સાથીયા, કાઉસગ્ગ વ યુક્ત વિધિ પૂર્વક તપશ્ચર્યા કરવી.

## જૈન ધર્મના વિવિધ પર્વોનો ટુંકમાં પરિચય.

**દિવાળી–નૂતનવર્ષ :** રાત ભલે હો અંધારી, વાટ ભલે હો કાંટાળી,

તમે જલાવો સ્નેહદીપ, તો હોય દિલની દિવાળી

દિલના દેવાલયને અજવાળતી, અંતરના આકાશને ઉઘાડતી, પ્રાણીઓને પ્રેમથી પલાળે, દેહના દિપને અજવાળે પરંતુ નામ છે દિવાળી... આ પર્વ ઘણા વર્ષોથી આપણે કરી રહ્યા છીએ. પરંતુ શા માટે કરીએ છીએ? પ્રભુ મહાવીરના – નિર્વાણ કલ્યાણકનો આ દિવસ છે. પ્રભુના તિર્વાણ કલ્યાણકની સાચી આરાધના ગુરુગૌતમસ્વામિએ કરી હતી.. પ્રભુના વિરહમાં અને વિલાપમાં જ ગુરુગૌતમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, તે દિવસને લૌકિક બેસતુ વર્ષ કહેવાય છે. આજની સવારનો સ્પર્શ, તમારા જીવનનું નવું વર્ષ છે. આ પર્વ આસો વદ ૦)) (અમાસ) ના દિવસે આવે છે. તથા નૂતન વર્ષ કારતક સુદ ૧ (એકમ)ના દિવસે આવે છે.

**વિધિ :** પ્રભુના નિર્વાણ કલ્યાણક દિવસે રાત્રિના શ્રીમહાવીરસ્વામિ સર્વજ્ઞાયનમઃ પદની તથા મધ્યરાત્રિએ શ્રી મહાવીરસ્વામિ પારંગતાયનમઃ પદની ૨૦ નવકારવાળી ગણવી... તથા કારતક સુદ ૧ (એકમ)ના વહેલી સવારે શ્રી ગૌતમસ્વામી સર્વજ્ઞાયનમઃ ૨૦ નવકારવાળી ગણવી આ પર્વની આરાધના કરવાથી જીવનમાં રહેલી કુસમસ્યાની શાંતિ થાય છે. ગૌતમસ્વામીની લબ્ધિ, ઋદ્ધિ, સિદ્ધીની પ્રાપ્તિ થાય છે. અને પરંપરાએ મોક્ષની પણ પ્રાપ્તિ થાય છે.

**જ્ઞાનપંચમી** : મિથ્યાજ્ઞાનથી અવરાયેલા આ જગતમાં સમ્યગ્ જ્ઞાનની ખુબ જરૂર છે. કારણ

જ્ઞાન એ અંતરનું અજવાળું છે. હૃદયની રોશની છે. જીવનની ઝળહળતી જયોત છે. તેના પ્રકાશ વિના કાંઈપણ વસ્તુ કંઈપણ સાચું – ખોટું સ્વરૂપ જાણી શકાતું નથી. જ્ઞાનને તો દ્વિતિય–બીજો સૂર્ય– દિવાકર અને ત્રીજું લોચન કહ્યું છે. જ્ઞાન મિથ્યાત્વરૂપી અધંકારને નાશ કરવા સૂર્ય સમાન છે.

**સમકિત શ્રદ્ધાવંતને, ઉપન્યુજ્ઞાનપ્રકાશ. પ્રણમુપદકજ તેહના. ભાવધરી ઉલ્લાસ** માટે જ જ્ઞાનની આરાધના કરવી જોઈએ.

આ પર્વ કારતક સુદ પાંચમના દિવસે આવે છે. જૈનો "સૌભાગ્ય પંચમી" પણ કહે છે. અને લૌકિક લાભપંચમી પણ કહેવાય છે.

જ્ઞાનની આરાધના કરવા માટે ૫૧ લોગસ્સનો કાઉસગ્ગ તથા ૫૧ સાથિયા, ૫૧ ખમાસમણા તેમજ 'નમો નાણસ્સ' પદની ૨૦ નવકારવાળી ગણવાથી જ્ઞાનની સુંદર આરાધના થાય છે.

જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થવાથી અજ્ઞાન–મુર્ખ જન પણ પંડિત બને છે. જ્ઞાનની વીરાધનાથી વરદત્ત – ગુણમંજરીને કર્મવિવાહ ઉદયમાં આવ્યાં તે વાતતો પ્રચલિત છે. માટે ભવ્યજીવોએ જ્ઞાનની વીરાધનાથી દૂર રહેવું.

પંચમીના દિવસે ઉપાવાસ કરી મૌન રાખવું.  જેનાથી દરેકને સુખ–સૌભાગ્ય તથા કૈવલ્યજ્ઞાનરૂપી લક્ષ્મી પ્રાપ્ત કરી. પ્રાંતે અજરામર પદને પ્રાપ્ત કરે છે.

**મેરૂત્રયોદશી** : સાચાહશે એ સૌને પ્રફુલ્લિત બનાવશે,
ખોટાના રૂપનેય, શુશોભિત બનાવશે,
અત્તરના બિંદુ જો પડશે, કાગળના ફુદ પર

માનવ–એને પણ સુવાસિત બનાવશે. એ જ વાક્યના અનુસારે માનવ પોતાના જીવનને પણ પર્વ દ્વારા સુવાસિત બનાવે છે. એવું આ પર્વ છે. મેરૂતેરશ. પોષ વદ ૧૩ (તેરશ)ના દિવસે શ્રી આદીનાથ પ્રભુનું નિર્વાણ કલ્યાણક છે. આ દિવસની આરાધના પગલ નામના કુમારે કરી હતી... આદીનાથ પ્રભુ અષ્ટાપદ તીર્થ ઉપર નિર્વાણ પામ્યા હતાં. તે દિવસે ૫ મેરૂ બનાવવા, ૧૩ વર્ષ ૧૩ માસની આરાધના છે. આ આરાધનાથી આત્માને મેરૂતુલ્ય સુખ સમૃદ્ધ મળે છે. પોષધસહિત ઉપવાસ કરવો. શ્રી ૐ હ્રીઁ શ્રી આદીનાથ પારંગતાય નમઃ ની ૨૦ નવકારવાળી ગણવી.

**નવપદજીની ઓળી :** સમયની સરીતાના, સલિલ ખરી જાય છે.
વખતના વાયરા વહિ જાય છે.
ગગનચુંબી ઈમારતો જમીન દોસ્ત થઈ જાય છે.
પણ જીવનમાં મહાપુરુષોની  યાદ રહી જાય છે.

મહાપુરુષોને યાદ કરતા. શ્રીપાળ–મયણા અચુક યાદ આવી જાય છે. જેની આરાધના જગ પ્રસિદ્ધ છે. નવપદની આરાધનાથી ભક્તને નવનિધી ઋદ્ધિ–સિદ્ધિ–સમાધિ પ્રાપ્ત થાય છે. ઉચ્ચસ્થાને રહેલા પંચ પરમેષ્ઠિની આરાધના અશાંતિ ને દુર કરે છે. આસો ચૈત્ર માંસમાં આ બન્ને શાશ્વતી ઓળીના દિવસો આવે છે.

jainuniversity.org

દુહો

સિદ્ધચક્રના ગુણ ઘણા, કહેતા ન આવે પાર,
વાછિત પુરે દુ:ખ હરે, વંદુ વાર હજાર.

નવપરદના એક એક પદની ભાવસહિત આરાધના કરવાથી આત્માં શાશ્વતા સુખને પામે છે. અરિહંત ધ્યાને આત્મા અરિહંતમય બની જાય છે. સિદ્ધના ધ્યાને સિદ્ધિગતીને પ્રાપ્ત કરે છે.

| પદ | કાઉ. | ખમાસ. | સાથીયા | નવકારવાળી |
|---|---|---|---|---|
| ૐ હ્રીઁ નમો અરિહંતાણં | ૧૨ | ૧૨ | ૧૨ | ૨૦ |
| ૐ હ્રીઁ નમો  સિદ્ધાણં | ૮ | ૮ | ૮ | ૨૦ |
| ૐ હ્રીઁ નમો આયરિયાણં | ૩૬ | ૩૬ | ૩૬ | ૨૦ |
| ૐ હ્રીઁ નમો ઉવજ્ઝાયણં | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૦ |
| ૐ હ્રીઁ નમો લોએ સવ્વસાહુણં | ૨૭ | ૨૭ | ૨૭ | ૨૦ |
| ૐ હ્રીઁ નમો દંસણસ્સ | ૬૭ | ૬૭ | ૬૭ | ૨૦ |
| ૐ હ્રીઁ નમો નાણસ્સ | ૫૧ | ૫૧ | ૫૧ | ૨૦ |
| ૐ હ્રીઁ નમો ચારિત્તસ્સ | ૭૦ | ૭૦ | ૭૦ | ૨૦ |
| ૐ હ્રીઁ નમો તવ્વસ્સ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦ |

**પર્યુષણાપર્વ** : પધારો પર્વાધિરાજ, અમ આંગણીયે
પૂજન કરીએ અમે , તમારું પાંચ આંગળીયે

ઘણા દિવસથી જેની રાહ જોઈ રહ્યા હતાં તે, પરમમંગલકારી આત્માની ઉન્નતિ કરનાર, પર્યુષણાપર્વની આજે પધરામણી થઈ ગઈ છે. પર્યુષણા પર્વ એ જીવનની જ્યોતિને ઝગમગાવનારૂ જયવંતુ પર્વ માનવને મુક્તિમાર્ગ બતાવનારૂ પર્વ, કર્મના કાદવથી ખરડાયેલાને સાફ થવાનું વોટરવર્કસ, પાપીને પાવન કરનારૂં પર્વ છે. જો કે જાગૃત થયેલા આત્માને તો બધા જ દિવસો સરખા હોય પરંતુ જેઓ મોહનિંદ્રામાં સુતેલા છે. તેમને જાગૃત કરી નવિન પ્રેરણા આપવા માટે આ દિવસો જ્ઞાનીઓએ ગોઠવ્યાં છે.

jainuniversity.org

આપણે પર્વના વધામણા કરવાની જરૂર શું?

આ માનવજીવનની ઉજળી ચાદર ઉપર લાગેલી કષાયની કાલિનને સાફ કરી ઉજ્જવલ બનાવી તેના ઉપર મૈત્રીનું સેંટ છાંટી જીવનને સુંગંધિત બનાવે છે. પર્વ બે પ્રકારે છે (૧) લૌકિક અને (૨) લોકોતર લૌકિક પર્વમાં રંગ – રાગને મુખ્ય ગણે છે. તે કર્મબંધનું કારણ છે. માટે તેને વાસ્તવિક પર્વ ન જ કહેવાય જ્યારે લોકોત્તર પર્વ આત્માને ઉર્ધ્વગતિનાં સોપાન સર કરાવે છે. આ પર્વરંગ – રાગને ક્યાંય મહત્વ નથી. ફક્ત ત્યાગનું જ મહત્ત્વ છે. ત્યાગને વધારવા માટે પર્યુષણના ૫ સિગ્નલો છે.

(૧) મહીનાનું ઘર (૨) પંદરનું ઘર (૩) અઠ્ઠાઈનું ઘર (૪) કલ્પઘર અને (૫) તેલાઘર આ પાંચ સિગ્નલ પ્રમાણે આત્મા સુંદર આરાધના કરે તો દિવ્ય સુખને ભોગવે છે. પર્યુષણમાં ક્ષમા જીવનો પ્રાણ બને છે. “નમો ખમો” એ બે સુત્ર જીવ જ્યારે પોતાનામાં આત્મસાત કરે છે. ત્યારે જીવનમાં એક નવી રોશની પ્રગટે છે.

**ચૌમાશી પર્વ** : **(૧) કાર્તિક પૂર્ણિમા.**

ચાતુંમાસ બાદ પ્રથમ શત્રુંજય તીર્થની યાત્ર શરૂ થાય છે. શત્રુન્ જયતિ, ઈતિ શત્રુંજય આંતરીક કર્મ શત્રુ ઉપર વિજય મેળવવાં માટે આ તીર્થની યાત્રા કરાય છે. કહ્યું છે કે
એકેક ડગલું ભરે, શત્રુંજય સમો જેહ
ઋષભ કહે ભવ ક્રોડના કર્મ ખપાવે તેહ.

ભાવ સહિત જે શત્રુંજય સન્મુખ (૧) પગલું ભરે તેના ક્રોડો ભવથી સંચિત થયેલા પાપો ક્ષણમાં નાશ પામે છે. પાપી આત્મ્ આતર્થને પામી પાવન બની ગયા, શેતાન સંત બની ગયા, ખુની પણ મુની બની ગયા, આ તીર્થના મહિમાને કહેવા માટે કેવલજ્ઞાની પણ અસમર્થ છે. આ તીર્થની જે ભાવ સહિત યાત્રા કરે છે. તે નર ૩, ૫, ભવોમાં મુક્તિ પામે છે. કાર્તિક પુનમના દિવસે દ્રાવિડ–વારિખિલ્લ ૧૦ ક્રોડ મુનિ સાથે મોક્ષ ગયા છે. શુદ્ધ ચારિત્રવંત અનેક આત્મા મુક્તિએ ગયા છે. અને જશે આ દિવસે કલિકાલ હેમચંદ્રાચાર્ય ગુરુભગવંતનો જન્મદિવસ પણ છે. આ દિવસે ૨૧ લોગસ્સનો કાઉસગ્ગ ૨૧ ખમાસમણા, ૨૧ સાથિયા કરવા અને શ્રી શત્રુંજયતીર્થાધીરાજાયનમઃ પદની ૨૦નવકારવાળી ગણવી.

**(૨) કારતક સુદ ૧૩**

આ દિવસે શાંબ પ્રદ્યુમ્ન ૮ ક્રોડ મુનિ સો મોક્ષે ગયા છે. આ દિવસે છ ગાઉની પ્રદક્ષિણા કરવાની છે.

**(૩) ચૈત્ર સુદ ૧૫**

આ દિવસે પુંડરિકસ્વામિ ૫ ક્રોડ મુનિ સાથે મોક્ષે ગયા છે. પુંડરિક સ્વામિના નામથી આ તીર્થનું નામ પુંડરિકગિરિ પડ્યું છે. આ દિવસે ભાવસહિત જે ભવ્ય તીર્થને ભેટે છે. તેનું ભવભ્રમણ જલ્દી દૂર થાય છે.

jainuniversity.org

**અષયતૃતીયા :** અક્ષય સુખને આપનારૂ આ પર્વ વૈશાખ સુદ ત્રીજના દિવસે આવે છે. આદીનાથ પ્રભુ ૮૩ લાખ પૂર્વ ગૃહસ્થવાસમાં રહી પછી સંયમ સ્વીકારર્યું. જ્યારે કર્મ ઉદયમાં આવે છે ત્યારે ઈંદ્ર નરેન્દ્ર મુનિન્દ્ર કે જીનેન્દ્રની શરમ રાખતું નથી પ્રભુ ઘેર ઘેર ગોચરી (આહાર) માટે ફરતા પરંતુ કોઈ પરમાત્મા આહારના ઈચ્છું છે. એમ ન સમજતા. હાથી, ઘોડા, રત્નો, કન્યા વિગેરે વહોરાવે છે. પ્રભુ કંઈ લેતા નથી ભગવાન ના જીવે ગાયને છીંડુ બાંધી કર્મ ઉપાર્જન કર્યું. તેના પ્રભાવે પ્રભુને આહાર ન મળ્યો.

પરંતુ શ્રેયાંસ કુમારને જાતિ સ્મરણ જ્ઞાન થવાથી પ્રભુ આહારને ઈચ્છે છે એમ જાણી બાજુમાં રહેલા તાજા ઈક્ષુરસના ઘડા પ્રભુના કરપાત્રમાં નાખે છે. અને પ્રભુનું પારણું થયું. ત્યારથી માંડી આ જગમાં વર્ષીતપ પ્રસિદ્ધ થયો. તે દિવસે અક્ષયતૃતીયા નામે પ્રસિદ્ધ થયો.

**મોન એકાદશી :** પરમાત્માના કલ્યાણક ઉજવવાનો તથા મૌનરહી જ્ઞાનાવરણીય કર્મના ક્ષય માટેનું આ પર્વ છે. જ્ઞાનીઓએ કહ્યું છે કે

ભ્રાન્તિના નિવારણ માટે જીનવાણી છે. શ્રાન્તિના નિવારણ માટે જીનપૂજા છે. જ્યારે ક્રાંતિના સર્જન માટે તો મૌન જ જરૂરી છે.

એક કવિએ પણ પોતાની ભાષામાં લખ્યું છે કે સપીચ એ સિલ્વર છે. પરંતુ મૌન એ ગોલ્ડન છે, જે કાર્ય મૌનથી થાય છે. તે કાર્ય બોલવાથી ક્યારેય થતું નથી.

માગસર સુદ ૧૧ ના દિવસે આ પર્વની આરાધના થાય છે. આ દિવસે અતિત્ અનાગત વર્તમાન, કુલ મળીને ૧૫૦ કલ્યાણક શ્રી જીનના થયા છે. આ દિવસની આરાધના સુવ્રત નામના શેઠે કરી છે. મૌન સહિત અહોસ્ત પૌષધ ઉપવાસ સહિત કરવો. તથા ૧૨ લોગસ્સનો કાઉગ્ગ, ૧૨ ખમાસમણા, ૧૨ સાથીયા તેમજ ૐ હ્રીઁ શ્રી મલ્લિનાથ પ્રભુના જન્મ દિક્ષા અને કેવલજ્ઞાન કલ્યાણક તથા શ્રી અરનાથ પ્રભુનું દીક્ષા કલ્યાણક નેમિનાથ પ્રભુનું કેવલજ્ઞાન કલ્યાણક કુલ મળી ૫ કલ્યાણક થયાં છે. શાસ્રોક્ત વિધિ અનુસાર જે ભવ્યો મૌનએકાદશી તપ આદશે છે. તેઓ સુવ્રતશેઠની જેમ સ્વર્ગના સુખ ભોગવી પ્રાંત. મોક્ષ પ્રાપ્ત કરે છે.

**પોશદશમી** : માની આંગળીયે બાળક સલામત જીનાજ્ઞાએ સમાધિ સલામત પરમાત્માની આંગળીયે, ભક્ત સલામત.

ભવભ્રમણથી અશાંત થયેલા આત્માને પ્રશાંત કરવાનું કામ આ પર્વ કરે છે. શાંતિના અવતરણ માટે સમાધિની જરૂર છે. જે પરમાત્માના કલ્યાણકથી નારકના જીવોને પણ ક્ષણમાટે શાતા મળે છે. તો માનવને તો ભાવસહિત વિધિપૂર્વક આરાધના સમાધિ પ્રાપ્ત થાય જ શાંતિ –સમાધિ ની પ્રાપ્તિ માટે આ પર્વ આરાધવું ખુબ જરૂરી છે.

માગસર વદ નોમ, દશમ, અગ્યારસ આ ત્રણે દિવસ પાર્શ્વપ્રભુની આરાધના કરવી. માગસર વદ દશમ પ્રભુનું જન્મ કલ્યાણક છે. આ તપ ૧૦ વર્ષ ૧૦ માસ સુધી કરવાનો છે. નોમના દિદસે સાકરના પાણીનું એકાસણું દશમના દિવસે ખીરનું એકાસણું, અગ્યારસના દિવસે એકાસણું તથા શક્તિ હોય તો અઠ્ઠમ તપ તથા ૩ આયંબિલથી પણ આરાધના થઈ શકે છે. આ દિવસે ૧૨ લોગસ્સનો કાઉસગ્ગ, ૧૨ સાથીયા, ૧૨ ખમાસમણા, તથા ૐ હ્રીઁ શ્રી શંખેશ્વરાપાર્શ્વનાથાય નમ: પદની ૨૦ નવકારવાળી ગણવી.

આ તપની આરાધના સુરદત્તનામના શ્રેષ્ઠીએ કરી છે ભવ્ય જીવો પણ આ તપની આરાધના કરી આલોક–પરલોકમાં અનેક પ્રકારની સુખ–સમૃદ્ધિ પ્રાપ્ત કરી મોક્ષ સુખને પ્રાપ્ત કરે છે.